# સાન્તા કલારા કાઉન્ટીમાં તમારા મતદાન અધિકારો જાણો
કેલિફોર્નિયાની ૨૦૨૦ ની સામાન્ય ચૂંટણી

ASIAN AMERICANS ADVANCING JUSTICE
ASIAN LAW CAUCUS

મતપત્રકો બધા નોંધાયેલા મતદારોને મેઇલ: **૫ ઓક્ટોબર, ૨૦૨૦ થી શરૂઆત**
મતપત્રક ડ્રોપ બોક્સીસ ખુલ્લા: **સોમવાર, ૫ ઓક્ટોબર, ૨૦૨૦**
**નોંધણીની અંતિમ તારીખ: સોમવાર, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૦**
વ્યક્તિગત રૂપે મત કેન્દ્રો: **શનિવાર, ઓક્ટોબર ૩૧, ૨૦૨૦ - મંગળવાર, નવેમ્બર ૩, ૨૦૨૦**
સાન્ટા કલારા કાઉન્ટી ચૂંટણી કચેરી: ૮૬૬-૪૩૦-વીઓટીઇ ૮૬૮૩)

## મત આપવા તૈયાર થવું

ચૂંટણીમાં મત આપવા માટે, તમારે પહેલા મત આપવા માટે નોંધણી કરાવવી આવશ્યક છે! તમે નોંધણી કરાવી શકો છો જો તમે હો:

- યુ.એસ. નાગરિક;
- કેલિફોર્નિયાના રહેવાસી;
- ચૂંટણીના દિવસે ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના હશો;
- અપરાધની સજા માટે હાલમાં જેલમાં કે પેરોલ પર નથી; અને
- કોર્ટ દ્વારા "માનસિક રીતે અસમર્થ" હોવાનું જાણવા મળ્યું નથી.

### <u>પહેલેથી નોંધણી કરાયેલું છે?</u>

તમારી મતદાર નોંધણીની માહિતી તપાસો અને અદ્યતન કરો. આ માટે voterstatus.sos.ca.gov નો ઉપયોગ કરો:

- ✓ તમારા મેઇલિંગ સરનામાંની પુષ્ટિ કરવા માટે
- ✓ તમારી કાઉન્ટી ચૂંટણી કચેરીથી સમયસર માહિતી મેળવવા માટે એક ઇમેઇલ સરનામું ઉમેરવા અથવા અદ્યતન કરવા માટે
- ✓ અનુવાદિત સામગ્રી મેળવવા માટે તમારી પસંદીદા ભાષા સૂચવો જો તે તમારા વિસ્તારમાં ઉપલબ્ધ હોય.

તમે કાઉન્ટી ચૂંટણી કચેરી વેબસાઇટ પર ઉપલબ્ધ, સાન્તા કલારા ના વોટર એકશન રેક્યુએસ્ટ ફોર્મનો ઉપયોગ કરીને પણ તમારી માહિતીને અદ્યતન કરી શકો છો.

### <u>નોંધણી કરવા માંગો છો?</u>

**૧૯ ઓક્ટોબર સોમવારથી** તમે નોંધણી કરાવી શકો છો:

- ઓનલાઇન registertovote.ca.gov પર;
- ડીએમવી, ડાકઘર,, લાઇબ્રેરી અથવા તમારી કાઉન્ટી ચૂંટણી કચેરી પર; અથવા
- મતદાર નોંધણી ફોર્મની વિનંતી કરવા ૧-૮૬૬-૪૩૦-વીઓટીઇ (૮૬૮૩) પર કાઉન્ટી ચૂંટણી કચેરી ને ફોન કરીને, જે ૧૯મી ઓક્ટોબર સુધી મેલમાં હોવો જોઇએ. કોઇ સ્ટેમ્પની જરૂર નથી!

### <u>જો હું મતદાર નોંધણીની અંતિમ તારીખ ચૂકી ગયો તો શું?</u>

કોઇ વાંધો નહી! તમે હજી પણ નોંધણી કરી શકો છો અને ચૂંટણીના દિવસ સહિત કોઇપણ દિવસે મત આપી શકો છો.

**વિકલ્પ ૧:** તમે કાઉન્ટી ચૂંટણી કચેરી અથવા તમારી કાઉન્ટીમાં કોઇપણ મત કેન્દ્ર પર જઇને નોંધણી અને મતદાન કરવા માટે “તે જ દિવસની મતદાર નોંધણી” નો ઉપયોગ કરી શકો છો. તમને સ્થળ પર પૂર્ણ કરવા માટે મતદાર નોંધણી ફોર્મ અને મતપત્રક પ્રાપ્ત થશે.

**વિકલ્પ ૨:** જો તમે મત આપવા માટે નોંધાયેલા નથી અને ચૂંટણી કચેરી અથવા મત કેન્દ્રમાં જઇ શકતા નથી, તો "રિમોટ અક્ક્સેસિબલ વોટ-બાય-મેઇલ" નો ઉપયોગ કરીને તમે કેવી રીતે નોંધણી કરાવી શકો છો અને દૂરથી કેવી રીતે મતદાન કરી શકો છો તે પૂછવા માટે કાઉન્ટી ચૂંટણી કચેરીનો સંપર્ક કરો

ASIAN AMERICANS
ADVANCING
JUSTICE
ASIAN LAW CAUCUS

# કેવી રીતે મત આપવો? તમારી પાસે વિકલ્પો છે!

## ઘરેથી મત આપો

જો તમે ૧૯મી ઓક્ટોબર સુધીમાં નોંધણી કરો છો, તો તમે **મેઇલમાં** આપમેળે એક મતપત્રક મેળવશો તેને કેવી રીતે ભરવું તેની સૂચનાઓ સાથે અને તેને પરત કરશો. તમે:

૧. તમારો મતપત્રક મેઇલ દ્વારા મોકલી શકો છો – કોઇ સ્ટેમ્પની જરૂર નથી!
- તમારા મતપત્રક પરબડીયા પર હસ્તાક્ષર અને તારીખ કરવાનું યાદ રાખો.
- ખાતરી કરો કે તમારો મતપત્રક ચૂંટણીના દિવસે અથવા તે પહેલાં ટપાલ- ચિહ્નિત થયેલ હોઇ.

૨. સમગ્ર કાઉન્ટીમાં અથવા મત કેન્દ્ર પર સ્થિત ઘણાં સત્તાવાર મતપત્રક "ડ્રોપ બોક્સ" માંથી એક પર છોડી દો - ફરીથી, સ્ટેમ્પની જરૂર નથી! ત્યાં ૨૪-કલાક સુરક્ષિત મતપત્રક ડ્રોપ બોક્સ છે જે ઓક્ટોબર ૫ થી શરૂ થતાં 3જી નવેમ્બર સાંજ ૮ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. તમારા સ્થાનની નજીક મત કેન્દ્રો અને ડ્રોપ બોક્સ શોધવા માટે eservices.sccgov.org/rov/ પર જાઓ.

## વ્યક્તિગત રીતે મત આપો

જો તમે રૂબરૂમાં મત આપવાનું પસંદ કરો છો, તો તમે કરી શકો છો! વહેલી મતદાન અને એક જ દિવસની નોંધણી તમારી કાઉન્ટી ચૂંટણી કચેરી અને મત કેન્દ્રો પર ઉપલબ્ધ છે.

સાન્ટા કલારા કાઉન્ટીની ચૂંટણી કચેરી ૧૫૫૫ બર્જર ડ્રાઇવ બિલ્ડિંગ ૨, સેન જોસ, સીએ ૯૫૧૧૨ પર છે. તે મતદાન માટે ખુલ્લી છે:
સોમવાર-શુક્રવાર ઓક્ટોબર ૫ - નવે. ૨: ૮:૦૦ સવારે - ૫:૦૦ સાંજે
શનિવાર-રવિવાર ઓક્ટો. ૨૪ - ૨૫ અને ઓક્ટો. 31 - નવે. ૧: ૮:૦૦ સવારે - ૫:૦૦ કલાકે સાંજે
નવે. 3: ૭:૦૦ સવારે - ૮:૦૦ સાંજે
અથવા તમે કાઉન્ટીમાં કોઇપણ મત કેન્દ્ર પર મત આપી શકો છો. મત કેન્દ્રો **શનિવાર, 31 ઓક્ટોબર, ૨૦૨૦ થી મંગળવાર, 3 નવેમ્બર, ૨૦૨૦** સુધી ખુલ્લા રહેશે.

તમને મત કેન્દ્રના સ્થાનો અને કલાકોની માહિતી મેલ દ્વારા પ્રાપ્ત થશે, અથવા તમે તમારા સ્થાન નજીક મત કેન્દ્રો શોધવા માટે eservices.sccgov.org/rov/ પર જઇ શકો છો.

ચૂંટણીના દિવસે મત કેન્દ્રો **સવારે ૭ થી સાંજના ૮ વાગ્યા** સુધી ખુલ્લા રહેશે. *જ્યાં સુધી તમે રાત્રે ૮ વાગ્યા સુધીમાં કતારમાં હો તો તમે તમારો મત આપી શકશો.*

કોઇપણ મત કેન્દ્રમાં જાવ અને તેમને મતપત્રક મેળવવા માટે તમારું નામ અને સરનામું આપો. જો તમે અંગ્રેજી સિવાયની ભાષામાં મત આપવાનું પસંદ કરો છો, તો પૂછો કે તેમની પાસે તે ભાષામાં કોઇ સામગ્રી છે અને જો મત કેન્દ્રના કોઇ કાર્યકર તે ભાષા બોલે છે.

### શું ત્યાં જાહેર આરોગ્ય સુરક્ષા હશે?

હા. મત કેન્દ્રના કર્મચારીઓ મહોરું પહેરશે અને જાહેર આરોગ્ય માર્ગદર્શિકાઓનું પાલન કરશે અને શારીરિક અંતરને મંજૂરી આપવા માટે મત કેન્દ્રો સ્થાપિત કરશે. મતદારોએ ચહેરો આવરણ પહેરવું અને શારીરિક અંતર જાળવવા સહિત રાજ્ય અને સ્થાનિક જાહેર આરોગ્ય આવશ્યકતાઓનું પાલન કરવું આવશ્યક છે.

### મત આપતી વખતે મારે મારો આઇડી બતાવવાની જરૂર છે?

લગભગ તમામ કિસ્સાઓમાં, ના. તમારે ફક્ત દસ્તાવેજો બતાવવાની જરૂર છે જો તમે પહેલી વાર મત આપતા હો અને જ્યારે તમે મત આપવા માટે નોંધણી કરી ત્યારે તમે તમારા ડ્રાઇવિંગ લાઇસન્સ નંબર, રાજ્ય આઇડી નંબર અથવા સામાજિક સુરક્ષા નંબર શામેલ નોતા કર્યો. જો આ બાબત છે, તો ઘણા દસ્તાવેજો કામ કરશે. જો તમને ચિંતા હોય તો તમારી ચૂંટણી કચેરીને અગાઉથી કોલ કરો.

### શું હું મને મત આપવા મદદ માટે કોઇને લાવી શકું?

હા. કેલિફોર્નિયા કાયદો તમને વ્યક્તિગત રૂપે મત આપવા મદદ માટે બે લોકોને લાવવાની પરવાનગી આપે છે, જ્યાં સુધી તેઓ તમારા નોકરીદાતા અથવા તમારા સંઘનું પ્રતિનિધિત્વ ન કરતાં હોય. પરિવારના કોઇ સભ્ય અથવા મિત્રને લા

## મતદાન કરતી વખતે જો મને સમસ્યાઓ હોય તો શું?

છોડો નહી! ફરીથી નોંધણી અને મત આપવા માટે **તે જ-દિવસના મતદાર નોંધણીનો** ઉપયોગ કરવા માટે કહો. જો તમે કોઇ કારણોસર આવું કરવામાં અસમર્થ છો, **તો કામચલાઉ મતપત્રક માટે પૂછો**, જે મતપત્રકની ગણતરી ચૂંટણીના દિવસ પછી કરવામાં આવશે છે જો ચૂંટણી અધિકારીઓ તમારી યોગ્યતાની પુષ્ટિ કરે તો.

અથવા, ચૂંટણી દિવસના મતદાર સુરક્ષા હોટલાઇન પર કોલ કરો:

અંગ્રેજીમાં સહાયતા માટે ૮૬૬- ઓયુઆર - વીઓટીઇ (૮૬૬-૬૮૭-૮૬૮૩).

૮૮૮-એપીઆઇ- વીઓટીઇ (૮૮૮-૨૭૪-૮૬૮૩) અંગ્રેજી, મેન્ડરિન, કેંટોનીઝ, વિયેતનામીસ, કોરિયન, બંગાળી, ઉર્દુ, હિન્દી અને ટાગાલોગમાં સહાય માટે

૮૮૮-વી-વાય-વોટા (૮૮૮-૮૩૯-૮૬૮૨) નાલેઓ શૈક્ષણિક ભંડોળ ટોલ ફ્રી દ્વિભાષી અંગ્રેજી-સ્પેનિશ હોટલાઇન

**શું હું અંગ્રેજી સિવાયની ભાષાઓમાં મતદાન કરી શકીશ?**

હા! જો તમે ખ્મેર, ચાઇનીઝ, ટાગાલોગ, હિન્દી, જાપાનીઝ, કોરિયન, સ્પેનિશ અથવા વિએટનામીઝમાં મત આપવાનું પસંદ કરો છો, તો તમે જેના પર મત આપી શકો છો તે અનુવાદિત મતપત્રકો ઉપલબ્ધ છે. જો તમે નેપાળી, ગુજરાતી, પંજાબી, તમિલ અને તેલુગુ બોલતા હો, તો અનુવાદિત “પ્રતિકૃતિ” મતપત્રકો ઉપલબ્ધ હોય શકે છે.

જો તમે ઘરેથી મતદાન કરી રહ્યા છો અને અનુવાદ કરેલા મતપત્રકો અથવા અન્ય સંસાધનો ઇચ્છતા હો, તો ચૂંટણી કચેરીને ૮૬૬-૪૩૦- વીઓટીઇ (૮૬૮૩) પર કોલ કરો અને તમને એક ભાષાંતર મતપત્રક મોકલવા માટે કહો.

જો તમે રૂબરૂ મત આપી રહ્યા છો, તો મતદાન કેન્દ્રના કાર્યકરોને અનુવાદ કરેલ મતપત્રકો માટે પૂછો. તમારી સહાય કરવા માટે દ્વિભાષી મતદાન કાર્યકર્તાઓ પણ ઉપલબ્ધ હોઇ શકે છે.

તમને મતદાનમાં ભાષાની ઍક્સેસ વિશેનો હેન્ડઆઉટ મળી શકે છે જે આના પર વધુ સમજાવે છે:

advancingjustice-alc.org/know-your-voting-rights/.

Asian Americans Advancing Justice - Asian Law Caucus
55 Columbus Avenue, San Francisco, CA 94111
Telephone (415) 896-1701
www.advancingjustice-alc.org